| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૧૩/૦૮/૨૦૨૧ |
| દાખલ તારીખ: | તા.૧૩/૦૮/૨૦૨૧ |
| ફેંસલ તારીખ: | તા.૧૨/૦૩/૨૦૨૬ |
| <u>અવધિ: વર્ષ: માસ: દિવસ</u><br>૦૪ : ૦૬ : ૩૦ | |

શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.
(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.

રેફરન્સ(આઇ.ટી) નં.૮૪/૨૦૨૧

આંક–૧૦

પ્રથમપક્ષકાર :- પ્રિન્સીપાલશ્રી, કોરડેટ કલોલ ઇફકો,
મુ.સઇજ, તા–કલોલ, જિ.ગાંધીનગર.

અને

બિજા પક્ષકાર :-- નવનીત કુમાર હરગોવનભાઇ નાયક,
રે.ધાનજ, તા–કલોલ

વિષય:-- ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

પ્રતિનીધીત્વ:-- પ્રથમપક્ષકાર તરફે :- ગેરહાજર.
બીજાપક્ષકાર તરફે :- શરુઆતમાં પ્રતિનીધીશ્રી રાહુલ.એ.દવે ત્યારબાદ કોઇ નહી.

## –: એવોર્ડ :--

**(૧)..** હાલનો રેફરન્સ નાયબ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ વિભાગ ગન હાઉસની બાજુમાં, શ્રમભવન, ખાનપુર અમદાવાદ-૩૮૦૦૦૧ તા.૧૨/૦૮/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: કે. એચ. એચ. એસ. એમ. સી / આર / ક / ૩૪૩૮૫ / આઇડીઆર / એજે / ૧૩૭ / ૨૦૧૯ થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી.એકટની

કલમ-૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)..** **" અનુસુચિ "**

દાખલ તરીખથી કાયમી ગણી કામદારને મળતા તમામ લાભો-પગાર ધોરણો ચુકવી આપવા કે કેમ?

**(3)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદાર તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદાર તરફે આંક-૦૮ માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે, બીજાપક્ષકાર પ્રથમપક્ષકાર સંસ્થામાં વર્ષ–૧૯૯૫ થી પટાવાળા/કામદાર તરીકે ફરજ બજાવતા આવેલ છે અને તેઓ હાલમાં નોકરી પર ચાલુ છે તથા બીજાપક્ષકાર કામદારની સને–૧૯૯૫ થી આજ દિન સુધીની સળંગ સર્વિસ થયેલ છે. બીજાપક્ષકાર કામદારે પ્રથમપક્ષકાર સંસ્થા વિરુધ્ધ રેફરન્સ કેસ નં.૩૨૮/૨૦૦૧ કરેલ જેમાં બીજાપક્ષકાર કામદારને તેમની મુળ જગ્યા ઉપર સળંગ સર્વીસથી પુન:સ્થાપિત કરવા માંગણી કરેલ હતી જેમા બીજાપક્ષકાર તથા પ્રથમપક્ષકાર બંન્ને મળી સુખદ સમધાન થયેલ અને સમાધાન મુજબ મુળ જગ્યા ઉપર સળંગ સર્વિસથી પુન:સ્થાપિત કરવા ખાત્રી આપેલી હતી. સદર સમાધાન લગત નામ.લેબર કોર્ટ ધ્વારા તા.૧૩/૧૦/૨૦૧૭ ના રોજ એવોર્ડ પસાર કરવામાં આવેલો હતો છતા બીજાપક્ષકારને એવોર્ડ મુજબનું કામ આપતા નથી અને ઠરેલ હોદ્દા સાથેનો પગાર ગ્રેડ પણ આપતા નથી પરીણામે અયોગ્ય મજુર પ્રથાનુ કૃત્ય ઉભુ થાય છે અને બીજાપક્ષકારને વેઠીયા મજુર ગણી હલકા પ્રકારનું કામ કરાવે છે જે અન્યાયી અને ગેરકાયદેસર છે. તથા બીજાપક્ષકારથી જુનીયન એવા રણજીત ડાહયાભાઇ પરમારને વર્ષ–૨૦૧૬ માં કાયમી કર્યા છે અને તેમને માસિક રૂ.૨૦,૦૦૦/– પગાર અને અન્ય લાભો ચુકવવામાં આવે છે તેઓ બીજાપક્ષકાર કામદારથી જુનીયર છે છતાં પ્રથમપક્ષકાર સીનીયોરીટીનો ભંગ કરી રહયા છે તેથી બીજાપક્ષકાર કાયમી થવા કાયદેસર રીતે હકકદાર છે. આમ બીજાપક્ષકારથી જુનીયર એવા રણજીત ડાહયાભાઇ પરમારને કાયમી કર્યા તે

તારીખથી બીજાપક્ષકારને કાયમી કરવા અને પગાર ગ્રેડ અને આનુસંગિક લાભો ચુકવી આપવા તથા રેફરન્સ મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)..** આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે કોઈ લેખીત જવાબ રજુ કરવામાં આવેલ નથી અને પ્રથમપક્ષકાર તરફે જવાબ રજુ ના થતા તેમનો જવાબનો હકક બંદ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

**(૬)..** સદર કામે બીજાપક્ષકાર તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી બીજાપક્ષકારનો પુરાવાનો હકક બંદ કરવાનો હુકમ કરવામા આવેલ. આમ જયારે બીજાપક્ષકાર કામદાર સંસ્થાની સામે જે પ્રકારનો વિવાદ ઉપસ્થીત કરેલ હોય તો તે અંગેનાં ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા જોઈએ. સદર કામે અદાલતે બીજાપક્ષકાર કામદારને પુરતી તક આપવા છતાં મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા હાજર થઈને રજુ કરેલ નથી કે તે હકીકત મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. તેમ છતાં આ કામે કામદાર ભલે પોતાના પુરાવા આપવા હાજર થયેલ ન હોય પરંતુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં અદાલતે ગુણદોષનાં આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જી.એલ.આર. ૨૦૦૪ (૨) પાના નં.૧૪૭૫ મોહિતોષદાસમાં ઠરાવવામાં આવેલ છે કે, કામદાર પુરાવો આપે કે ન આપે, પરંતુ નામદાર અદાલત સમક્ષ જે કાંઈ દાવા અરજી, દાવા અરજીનો જવાબ અને રજુ થયેલા દસ્તાવેજ હોય તેના ઉપરથી નામદાર અદાલતે મેરીટ ઉપર જજમેન્ટ આપવા જોઈએ. પરંતુ કોઈપણ સિવિલ પ્રકારનાં કેસમાં પ્રત્યેક પક્ષકારોને પોતાના કેસની હકીકતો સોગંદ ઉપર તેમજ દસ્તાવેજોથી બંને રીતે પુરવાર કરવી જોઈએ. હાલનાં કામે કામદાર પોતાના કેસની કોઈ હકીકત સોગંદ ઉપર પુરવાર કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તેમજ સદર કામે જે રેફરન્સ અન્વયે રેકર્ડ રજુ છે તેમાં એવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી કે બીજાપક્ષકારની તરફેણમાં કોઈ હુકમ પસાર કરી શકાય. વધુમાં સિવિલ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પ્રત્યેક પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ. હાલનાં કામે જોવામાં આવે તો બીજાપક્ષકાર તરફે કોઇ પણ કામદારે હાજર થઈને આવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. જેથી બીજાપક્ષકાર

કામદારનો રેફરન્સ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) બીજાપક્ષકાર કામદારનો રેફરન્સ (આઈ.ટી.) નં.૮૪/૨૦૨૧ આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

(૨) ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

(૩) રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) વધુમાં સદર રેફરન્સનો એવોર્ડ કામદાર/બીજાપક્ષકારની ગેરહાજરીના લીધે એકતરફી પસાર કરેલ હોવાથી સંબંધીત પક્ષકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્લટ રુલ્સ ૧૯૬૬ ના રુલ ૨૬-એ મુજબ પુન:સ્થાપનની અરજી કાયદાકીય સમય મર્યાદામાં કરી શકશે અને તે અરજીનો નિર્ણય ખર્ચને આધીન રહેશે.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 12/03/2026 16:35:37 IST.

તા. ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ:- કલોલ.

(રાજેન્દર સિંધ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)